## જન્મદિને વધામણી



ગૌતમ પુરોહિત
સિનિયર પત્રકાર
મો. ૯૯૦૯૯ ૧૦૭૧૮



રિધમ પિન્કલ શાહ
મો. ૯૪૨૯૩ ૮૮૫૭૮



મોહીત રમેશચંદ્ર વ્યાસ

# ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પદવી મેળવવા માટે ઑનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

## ડિગ્રી સર્ટિફિકેટ માટેની ફી ભરી દીધી હોય તો પણ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત યુનિવર્સિટીમાં આગામી દિવસોમાં પદવીદાન સમારંભ યોજાશે. આ માટે જે વિદ્યાર્થીઓ ડિગ્રી લેવા ઈચ્છતાં હોય તેમને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની સૂચના અપાઈ છે. જો કે, હાલ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પોતાના એનરોલમેન્ટ અને પરીક્ષા ફોર્મની સાથે જ પદવી માટેની ફી ભરી દીધી છે. આ વિદ્યાર્થીઓએ પોતે ફી ભરી દીધી હોવાથી હવે નવેસરથી રજિસ્ટ્રેશન કરવાનું રહેતું નથી તેવું માની રહ્યા છે. પરંતુ ફી ભરી હોવા છતાં દરેક વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. જે વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન ન કરે તેઓ ડિગ્રી પ્રમાણપત્રથી વંચિત રહે તેવી શકયતા હોવાથી રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી છે. યુનિવર્સિટી દ્વારા હાલ પદવીદાન અંગેની જાહેરાત આપવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓને તા. ૨૬મી સુધીમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવા કહેવાયું છે.

સમયમર્યાદા પુરી થવા છતાં હજુ માત્ર ૨૦ હજાર વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન પણ થયું નથી. ઓછા રજિસ્ટ્રેશન અંગે તપાસ કરતાં એવી વિગતો બહાર આવી હતી કે જે વિદ્યાર્થીઓએ પરીક્ષા ફીની સાથે ડિગ્રી સર્ટિફિકેટ માટે ફી ભરી નથી તેઓએ જ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જે વિદ્યાર્થીઓએ પરીક્ષા ફીની સાથે જ ડિગ્રીની પણ ફી ભરી દીધી છે તેવા વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું નથી. સૂત્રો કહે છે વિદ્યાર્થીઓએ ડિગ્રી સર્ટિફિકેટ માટેની ફી ભરી દીધી હોય તો પણ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

કોલેજમાં હાલ છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ એવું સમજે છે કે પરીક્ષા ફોર્મ સાથે ડિગ્રી સર્ટિફિકેટ માટેની ફી ભરી દીધી હોવાથી હવે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેતું નથી.

આ અંગે કુલપતિ એમ.એન.પટેલ કહે છે ટૂંક સમયમાં દરેક કોલેજોને સૂચના આપીને છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવશે. ઓનલાઈન રજિસ્ટ્રેશનના આધારે કુલ કેટલા વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવાની છે તેનો સાચો આંકડો બહાર આવી શકશે. જે એજન્સીને ડિગ્રી સર્ટિફિકેટ તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવશે તેને ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં વિદ્યાર્થીઓએ દર્શાવેલા સરનામા પણ પહોંચતા કરી દેવાશે.

### પદવીદાન સમારોહ જાન્યુઆરી યોજાવાની શક્યતા

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટીનો આગામી પદવીદાન સમારંભ જાન્યુઆરીમાં યોજવામાં આવે તેવી શકયતા છે. હજુસુધી ચોક્કસ તારીખ જાહેર કરવામાં આવી નથી. પરંતુ મોટાભાગની યુનિવર્સિટીઓના કોન્વોકેશન જાન્યુઆરીમાં જ યોજવામાં આવતાં હોવાથી જાન્યુઆરી પહેલા કે બીજા સપ્તાહમાં યોજવામાં આવે તેવી શકયતા છે. ડિસેમ્બર માસમાં પરીક્ષા ચાલુ હોવાથી કોન્વોકેશન યોજી શકાય તેમ નથી. નોંધનીય છે કે ચૂંટણીના કારણે યુનિવર્સિટીની પરીક્ષા એક મહિનો પાછળ ધકેલવામાં આવતાં પદવીદાન પણ એક મહિનો પાછળ ઠેલવામાં આવ્યો છે.



ગાંધીનગરના પરિમલભાઈ વસાવડા પરિવાર દ્વારા અમદાવાદની ગુફા પાસે સેપ્ટ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલ હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર ખાતે નાગર જ્ઞાતિના અમેચ્યોર ડ્રોઈંગ અને ફોટોગ્રાફટ આર્ટિસ્ટની કલાકૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન જાણીતા આર્ટ કલેક્ટર અનિલભાઈ રેલિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં નાગર જ્ઞાતિના અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, હૈદ્રાબાદ જેવા અનેક શહેરોમાંથી યુકેથી આવેલા કલાકારોની વિવિધ કૃતિઓ સામેલ કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં ગાંધીનગરના હાર્દજ્ઞ વોરા, હીમા વોરા, વત્સલ વોરાની ડ્રોઈંગની તથા નિશાદ ધ્રુવની ફોટોગ્રાફીની કલાકૃતિઓનો સમાવેશ કરાયો હતો. મંગળવારે આ પ્રદર્શન સંપન્ન થયું હતું. ગાંધીનગર અને અમદાવાદના અનેક કલાકરસિકોએ આ પ્રદર્શન નિહાળ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
પ્રેમ રતન ધન પાયો
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૨**
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૪૫,
૭.૦૦. ૧૦૧૫

**સ્ક્રીન-૩**
સ્પેક્ટર (અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫
સ્પેક્ટર (હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
પ્રેમ રતન ધન પાયો
૧૦.૦૦, ૨.૦૦

**સ્ક્રીન-૬**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૦૦
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૫.૩૦

# માનસિક વિશિષ્ટ બાળકોએ દિવાળીની પાર્ટી માણી

## સેવાભાવી મહિલા જશોદાબેન પરમારે માનસિક વિશિષ્ટ બાળકોની દિવાળી પાર્ટી સ્પોન્સર કરી અનોખી રીતે જન્મદિન ઉજવ્યો



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સે-૭ ખાતે હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક વિશિષ્ટ બાળકો માટે તાજેતરમાં દિવાળી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાર્ટીમાં બાળકોને મીઠાઈઓ ખવડાવી વિવિધ રમતો દ્વારા આનંદ-કિલ્લોલ કરાવાયો હતો. આ પાર્ટી નગરના એક સેવાભાવી મહિલા જશોદાબેન પરમાર દ્વારા તેમના જન્મદિન નિમિત્તે સ્પોન્સર કરવામાં આવી હતી. માનસિક વિશિષ્ટ બાળકો જેમાં મોટા ભાગના શ્રમજીવી અને જરૂરિયાતમંદ પરિવારોના હતા. તમામ બાળકોને બેવડી પાર્ટીનો લ્હાવો મળ્યો હતો. દિવાળી પાર્ટીની સાથે બર્થ ડે પાર્ટીનો પણ આનંદ માણવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે દિવાળી અગાઉ હેત ફાઉન્ડેશન દ્વારા આ બાળકોને દિપાવલીના દીપ બનાવવાની તાલીમ અપાઈ હતી અને તેમના દ્વારા તૈયાર કરાયેલા દિવડાને અમદાવાદની કર્ણાવતી કલબ, રાજપથ કલબ તથા વસ્ત્રાપુર તળાવ વગેરે જગ્યાએ યોજાયેલ પ્રદર્શનમાં વેચાણ અર્થે મૂકવામાં આવ્યા હતા. આ દિવડાના વેચાણની આવક આ બાળકોમાં સર્વાંગી વિકાસ માટે વાપરવામાં આવી રહી છે. વળી આ આવકમાંથી બાળકોને દિવાળી પાર્ટીમાં ભેટ સોગાદ આપી સન્માનવામાં આવ્યા હતા. દિવાળી પાર્ટીમાં બાળકોને વિવિધ શારિરીક રમતો તથા જ્ઞાન સાથે ગમ્મત પડે તેવી રમતો અને મનોરંજક રમતો વડે ખૂબ આનંદ કિલ્લોલ કરાવાયો હતો. મહિલા સેવાભાવી જશોદાબેને પણ પોતાના જન્મદિવસને આ બાળકો સાથે વિતાવી તેમને પાર્ટી આપી અનોખી સેવાનું ઉદાહરણ પુરું પાડયું હતું.

### ગુજરાત યુનિવર્સિટીમાં હંગામી કર્મચારીઓ બાબતે વિવાદ સર્જાશે

અમદાવાદ, તા. ૨૪ : ગુજરાત યુનિવર્સિટીમાં દિવાળી પહેલા છૂટા કરાયેલા હંગામી કર્મચારીઓ પૈકી કેટલાક જ કર્મચારીઓની પરત લેવાયા છે. આ મુદ્દે આગામી દિવસોમાં વિવાદ થાય તેવી શકયતા છે.

પ્રાપ્ત સમાચાર મુજબ સત્તાધીશોને માફક આવે તેવા કેટલાક કર્મચારીઓને પરત લઈ લેવાયા છે. પરંતુ મોટાભાગના કર્મચારીઓને પરત આવવા અંગે કોઈ સૂચના આપવામાં આવી નથી. આવા કર્મચારીઓએ કુલપતિને મળીને રજૂઆત કરવાનું નક્કી કર્યુ છે, જે જોતાં આગામી દિવસોમાં યુનિવર્સિટી માટે આ મુદ્દો વિવાદનો બની રહે તેવી એંધાણી જોવામાં આવી રહી છે.

# ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે પ્રથમ પબ્લિક ડિફેન્સ-મૌખિક પરીક્ષા યોજાઈ




ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે પ્રથમ પબ્લિક ડિફેન્સ તથા મૌખિક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

યુનિવર્સિટી ખાતે પોતાના ફેકલ્ટી મૅમ્બર્સ, પોસ્ટ ગ્રૅજ્યુએટ સ્ટુડન્ટ્સ તથા વર્કિંગ પ્રૉફશનલ્સને પોતાના પીઍચડી પ્રોગ્રામ અંતર્ગત વિશદ્ અભ્યાસ અને સંશોધનની તક પૂરી પાડે છે.

યુનિવર્સિટીની સ્થાપનાના વર્ષ ૨૦૧૦માં પ્રથમ વખત જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, તેમના માટે આજે પબ્લિક ડિફેન્સ તથા મૌખિક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગનો પ્રારંભ એક રેલીથી કરવામાં આવ્યો હતો, જેમાં આરડીસી મૅમ્બર્સ, સુપરવાઈઝર્સ, પરીક્ષકો, ડિરેક્ટર, પીઍચડી કો-ઓર્ડિનેટર અને સુંદર રૉબમાં શોભતા પીઍચડીના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ વિદ્યાર્થીઓમાં અકિલાની સૈયદ (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ઍન્ડ લિગલ ઍજ્યુકેશન : અ ક્રિટિક ઑફ પોલિસીઝ ઈન ઈન્ડિયા, વિથ સ્પેશિયલ રૅફરન્સ ટુ સ્ટેટ ઑફ ગુજરાત), ફક્કીરેશ સક્કરનાઈકર (ઍન ઍનાલિટીકલ સ્ટડી ઑફ ધ જ્યુરીસ્પ્રુડેન્શીયલ ડૅવલપમૅન્ટ ઑફ 'ઍમ્પ્લોયી' ઍન્ડ 'ઍમ્પ્લૉયમૅન્ટ ઈન્કવાયરી' અન્ડર ધ ઍમ્પ્લોઈસ સ્ટેટ ઈન્શ્યોરન્સ ઍક્ટ, ૧૯૪૮) અને નિધિ હૃદય બુચ (અ સ્ટડી ઑફ જ્યુરીસડિક્શનલ ઈશ્યૂસ ઈન ધ પોસ્ટ ટ્રીપ્સ આઈપી રિજાઈમ ઈન ઈન્ડિયા વિથ પર્ટીક્યુલર રૅફરન્સ ઑફ ટ્રેડમાર્ક વાયોલેશન્સ)નો સમાવેશ થતો હતો.

પબ્લિક ડિફેન્સ અને મૌખિક પરીક્ષા સંપન્ન થયા બાદ યુનિવર્સિટી દ્વારા આ વિદ્યાર્થીઓને પીઍચડીની ડિગ્રી માટેની સૂચના અર્પણ કરવામાં આવી હતી. ડિગ્રી તેઓને આગામી માસે આયોજિત પદવીદાન સમારોહ અંતર્ગત આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે લૉ યુનિવર્સિટી ખાતે હાલ ૧૬ જેટલા વિદ્યાર્થીઓ પીઍચડીનો અભ્યાસ કરી રહ્યા છે. યુનિવર્સિટી દ્વારા આ સંશોધનની તક લૉ ઉપરાંત આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, મૅનેજમૅન્ટ અને સોશિયલ વર્ક જેવા વિષયો માટે પણ આપવામાં આવે છે.

# રિયલ એસ્ટેટ ક્ષેત્રે ખાનગી મૂડી રોકાણને આકર્ષવામાં ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે

અમદાવાદ, તા. ૨૪

રિયલ એસ્ટેટના કારોબારમાં મંદી હોવાની રાવ ભલે ચોતરફથી સંભળાતી હોય પરંતુ, રાજ્યમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે ખાનગી રોકાણની દ્રષ્ટિએ ફૂલગુલાબી ચિત્ર સર્જાયું હોવાનું એસોચેમના તાજેતરના એક સર્વેમાં સામે આવ્યું છે.

એસોચેમે આ અંગેના એક સર્વેમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ગુજરાત ૧૪ ટકા ખાનગી રોકાણ(જેમાં ઘરેલુ અને વિદેશી રોકાણનો સમાવેશ થાય છે)ને આકર્ષવામાં સફળ રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે ગુજરાતનો ગ્રોથ રેટ ૨૮ ટકા જેટલો રહ્યો છે. આ રીતે રિયલ એસ્ટેટ ક્ષેત્રે ખાનગી મૂડીરોકાણને આકર્ષવામાં ગુજરાત મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ પછી દેશમાં ત્રીજા ક્રમનું રાજય બની ગયું છે. અલબત્ત, ગ્રોથની દ્રષ્ટિએ ગુજરાત પાંચમા ક્રમે હોવાનું એસોચેમના સર્વેમાં સામે આવ્યું છે. ગુજરાતના રિયલ એસ્ટેટમાં જાહેર ક્ષેત્રનું રોકાણ કુલ ૭ ટકા જેટલું હોવાનું પણ જણાવવામાં આવ્યું છે.

એસોચેમના સેક્રેટરી જનરલ ડી. એસ. રાવતના મત એવો છે કે, 'દેશની સુધરતી જતી આર્થિક સ્થિતિ, સરકારની પ્રોત્સાહક નીતિઓ, વધતી માગ અને ઉત્તમ નફાકારકતાને લીધે ખાનગી ક્ષેત્રો રિયલ એસ્ટેટમાં રોકાણ કરવા ઉત્સાહિત બની છે.'રિયલ એસ્ટેટ ક્ષેત્રે ઍફડીઆઈ (ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ)માં સરકાર દ્વારા અપાયેલી રાહતના લીધે આ ક્ષેત્રે એફોર્ડેબલ હાઉસિંગ વધશે. તે ઉપરાંત સ્ટીલ અને સિમેન્ટ જેવા સંકળાયેલા ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળશે.

એસોચેમ દ્વારા તાજેતરમાં 'રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ - સ્ટેટ લેવલ એનાલિસિસ'માં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ ત્રણેય રાજ્યો સાથે મળી રિયલ એસ્ટેટ ક્ષેત્રે કુલ મૂડી રોકાણના ૧૨ લાખ કરોડ જેટલો (૫૦ ટકાથી વધુ) હિસ્સો ધરાવે છે. ઉત્તર પ્રદેશ વર્ષ ૨૦૦૪-૦૫માં ખાનગી ક્ષેત્રોનું મૂડી રોકાણ ૦.૧ ટકા હતું, જે હાલ વધીને ૧૬ ટકા જેટલું થયું છે. એવી જ રીતે ગુજરાતમાં વર્ષ ૨૦૦૪-૦૫માં ૪ ટકાનું મૂડી રોકાણ વધીને ૧૪ ટકા થયું છે એટલું કે રાજ્યમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે ખાનગી સેક્ટરનું મૂડીરોકાણ ૧૦ ટકા જેટલું વધ્યું છે. રિયલ એસ્ટેટમાં જાહેર ક્ષેત્રોનું મૂડીરોકાણ રોકાણમાં ગુજરાતમાં ૭ ટકા થયું છે.

જોકે એવાં તારણો પણ સામે આવ્યાં છે કે જેના પરત્વે ચિંતા કરવાની જરૂર છે. દેશના ૭૫ ટકા રિયલ એસ્ટેટના પ્રોજેક્ટ્સ શરૂ જ થયા નથી.

એવી જ રીતે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના કુલ ૩૫૪૦ પ્રોજેક્ટ્સ પૈકી ૨૩૦૦ પ્રોજેક્ટ્સ પણ હજુ સુધી શરૂ થયા નથી. ગુજરાતમાં પણ ૩૮ મહિના જેટલો વિલંબ પ્રોજેક્ટ્સમાં જોવા મળી રહ્યો હોવાનું આ સર્વેમાં જણાવવામાં આવ્યું છે.

# શિક્ષણ : અવનવા પ્રયોગ થકી જીવંત




શિક્ષણ ક્ષેત્રે અવનવા પ્રયોગો દ્વારા જ શિક્ષણને જીવંત રાખી શકાય. આ અવનવા પ્રયાગોમાં ઈન્ટરનેટથી માંડીને દૂરદર્શન સુધીના માધ્યમોનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થઈ શકે એમ છે. આ માધ્યમોનાં દૂષણોથી આપણે સહુ પરિચિત થઈ પણ એનો જ વ્યવસ્થિત ઉપયોગ કરવામાં આવે તો સુફળ મળી શકે એમ છે. હમણાં આવા કેટલાક પ્રયોગો ધ્યાનમાં આવ્યા છે એના વિશે આજે અહીં વાત કરવી છે.

સુરત નજીક ઉત્રાણ રેલવે સ્ટેશન પાસે અમરોલી કરીને ગામ છે. અહીં જે ઝૅડ શાહ આર્ટ્સ ઍન્ડ ઍચ પી દેસાઈ કૉમર્સ કૉલેજ સ્થિત છે. આ કૉલેજે વૉટ્સઅપ પર ૪૨ જુદા જુદા જૂથ બનાવ્યા છે. કૉલેજ વિશેની બધી જ માહિતી વૉટ્સઅપના માધ્યમથી વિદ્યાર્થીઓને પહોંચાડવામાં આવે છે. વર્ગોનું સમયપત્રક, પરીક્ષાનું સમયપત્રક, સ્વાધ્યાય કાર્યનો વિગતો કે વિદ્યાર્થીઓની વધુ પડતી ગેરહાજરી કે અભ્યાસ સંદર્ભે અનિયમિતતા- આ બધી જ વિગતો વૉટ્સઅપ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે અને એ દ્વારા વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્કમાં રહેવામાં આવે છે. વૉટ્સઅપ જેવા યુવાનોમાં અતિ પ્રચલિત માધ્યમનો આવો ઉપયોગ પણ થઈ શકે છે.

શિક્ષણના લાભાર્થે દૂરદર્શન જેવા માધ્યમનો પણ યોગ્ય ઉપયોગ થઈ શકે એમ છે. ભૂતકાળમાં દૂરદર્શન ઉપર ઘણી ધારાવાહિકો એવી પ્રસ્તુત થઈ હતી, જેનો આધાર કોઈ સાહિત્ય કૃતિ હોય. શરદચંદ્રની 'શ્રીકાંત' તરત યાદ આવે. 'કથા સાગર' દ્વારા હિન્દી સાહિત્યની જાણીતી વાર્તાઓ દૂરદર્શન પર રજૂ થઈ હતી અને એમાં ગુજરાતી સાહિત્યની શિરમોર વાર્તા 'લોહીની સગાઈ' પણ રજૂ થઈ હતી. સુલભા દેશપાંડે અને ચન્ના રૂપારેલ અભિનીત આ વાર્તા આજે પણ સ્મરણમાં છે. ગુલઝારે પણ પ્રેમચંદની જાણીતી વાર્તાઓ દૂરદર્શન પર પ્રસ્તુત કરી હતી. આમ, સાહિત્યને લોકો સુધી પહોંચાડવાનો આ એક ઉમદા પ્રયોગ છે અને એ સતત ચાલુ રહેવો જોઈએ.



આવો એક પ્રયોગ અમદાવાદ દૂરદર્શન કે ડીડી ગિરનાર તરીકે ઓળખનાર છે, એના પર ૨૮ નવેમ્બરથી 'સરકી જાયે પલ' શીર્ષક હેઠળ શરૂ થઈ રહ્યો છે. ગુજરાતી સાહિત્યના ધૂમકેતુ, રા વિ પાઠક, ઝવેરચંદ મેઘાણી, ચુનીલાલ મડિયા, પન્નાલાલ પટેલ, ઉમાશંકર જોશી, સુંદરમ્, જયંતિ દલાલ, ચંદ્રકાન્ત બક્ષી, મધુ રાય, વર્ષા અડાલજા, ઈલા આરબ મહેતા, હરીશ નાગ્રેચા, હિમાંશી શેલત અને અન્ય વાર્તાકારોની વાર્તાઓ ધારાવાહિક સ્વરૂપે રજૂ થશે. વાર્તા વિશેની વિશદ્ છણાવટને પણ એમાં આવરી લેવામાં આવશે. સમીર ખખ્ખર અને સુજાતા મહેતા જેવાં જાણીતાં કલાકારો એમાં અભિનય કરશે.

એક ફરિયાદ સતત એવી ઊઠતી રહી છે કે વાચન ઘટી રહ્યું છે ને એ માટે જવાબદાર આવાં માધ્યમોને ઠેરવવામાં આવે છે. પરંતુ આ માધ્યમોનો વ્યવસ્થિત ઉપયોગ કરવામાં આવે તો એ જ્ઞાન, શિક્ષણ, સાહિત્યના પ્રચાર-પ્રસારનું મહત્ત્વનું સાધન બની શકે એમ છે. જાણીતા વાર્તાકારોની વાર્તાઓ અભિનયના માધ્યમથી બહોળા લોકો સુધી પહોંચતી હોય તો એમાં કશું ખોટું નથી. શબ્દની તાકાત અંતિમ છે, એનું અહીં અવમૂલ્યન કરવાનો જરા પણ ઈરાદો નથી પણ જુદા માધ્યમની જુદી શક્તિનો ઉપયોગ કરીને શબ્દશક્તિને નિવારી શકાતી હોય કે એનો ક્યાસ કાઢી શકાતો હોય તો એમાં કશું ખોટું નથી. આ વાર્તાઓ ધારાવાહિક રૂપે જોઈને પણ ઘણાને એ વાર્તા મૂળ સ્વરૂપે વાચવાની ઈચ્છા જાગશે.

આજે સ્થિતિ તો એવી છે કે સાહિત્યનો વિદ્યાર્થી પણ ટૂંકી વાર્તાથી દૂર ભાગે છે ત્યારે નવલકથાની તો વાત જ શી કરવી? આ સ્થિતિમાં જુદા માધ્યમ થકી પણ વિદ્યાર્થીઓ અને જનમાનસ સાહિત્ય અને અન્ય વાચન તરફ વળે એવા પ્રયાસો સતત અને નીતનવી રીતે થતા રહેવા જોઈએ. 'સરકી જાયે પલ' આવો જ એક પ્રયોગ છે. આ પ્રયોગની ગુણવત્તા વિશે તો હવે પછી જ વાત થઈ શકે એમ છે. અત્યારે તો એક પ્રયોગ તરીકે એનું મૂલ્ય આંકીએ.